# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 17-06-2024** **Evening : 7.10 to 7.20pm**
**Day : Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

---

- ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી નિવાસ ખાતે ભાજપની બે મહત્વપૂર્ણ બેઠક યોજાઇ ગઇ - જેમાં લોકસભાની ચૂંટણીના પરિણામોની સમીક્ષા કરવામાં આવી.
- આવતીકાલે ગાંધીનગર મહાનગર પાલિકાની સામાન્ય સભામાં નવા મહિલા મેયરની જાહેરાત કરાશે.
- રાજ્ય સરકારે આ વર્ષે નવા ૧૦ લાખ ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ સાથે જોડવાનો લક્ષ્યાંક નિર્ધારીત કર્યો.
- પાવાગઢ પોલીસ અને કાલિકા માતાજી મંદિર ટ્રસ્ટ દ્વારા જૈન તીર્થંકરોની પ્રતિમાઓ તેની મૂળ જગ્યાએ સ્થાપિત કરવાની ખાતરી આપવામાં આવી.
- રાજ્ય સહિત દેશભરમાં આજે ઇદ-ઉલ-અદહા બકરી ઇદ મનાવવામાં આવી.
- છઠ્ઠી નેશનલ માસ્ટર્સ રમતોમાં વલસાડના શિક્ષક અશોકકુમાર કાનજીભાઈ ટંડેલે બે સુવર્ણ સહિત ચાર ચંદ્રક મેળવ્યા.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

## CM - BETHAK

ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી નિવાસ ખાતે ભાજપની બે મહત્વપૂર્ણ બેઠક યોજાઇ હતી, જેમાં લોકસભાની ચૂંટણીના પરિણામોની સમીક્ષા કરવામાં આવી છે.

મુખ્યમંત્રી અને ભાજપના ગુજરાત પ્રદેશ અધ્યક્ષ તેમજ જળશક્તિ મંત્રી સી આર પાટીલની અધ્યક્ષતમાં આ બેઠક યોજાઇ હતી.. આ બેઠક ગુજરાતમાં લોકસભાની ચૂંટણીમાં નવા ચૂંટાયેલા સભ્યો ઉપસ્થિત રહ્યાં હતાં.. આ બેઠક અગાઉ મુખ્યમંત્રીએ સી આર પાટીલને જળશક્તિ મંત્રી તરીકેની નિયુક્તિ અંગે અભિનંદન પાઠવીને તેમને શુભેચ્છાઓ પાઠવી હતી.. જ્યારે અન્ય બેઠકમાં પ્રદેશ સંસદીય દળની બેઠક મળી હતી.

જેમાં ભાજપના સંસદીય દળના સભ્યોએ ગાંધીનગરના નવા મેયરની પસંદગીની ચર્ચા કરી હતી..આ ઉપરાંત મેયર સહિતના નવા પદાધિકારીઓની નિયુક્તિની ચર્ચા કરી હતી.. આ નામો નક્કી કરીને આવતીકાલે ગાંધીનગર મહાનગર પાલિકાની સામાન્ય સભામાં તેની જાહેરાત કરાશે.. આ વખતે ગાંધીનગરમાં મહિલા મેયરની અઢી વર્ષની ટર્મ રહેશે.. આવતીકાલે ગાંધીનગરને નવા મહિલા મેયર મળશે.

.................................

## RAJYAPAL-KRUSHI PARISAMVAD

રાજ્ય સરકારે આ વર્ષે નવા ૧૦ લાખ ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ સાથે જોડવાનો લક્ષ્યાંક નિર્ધારીત કર્યો છે. આજે ગુજરાતમાં ૯ લાખથી વધુ ખેડૂતોએ પ્રાકૃતિક ખેતી પદ્ધતિ અપનાવી છે.

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના અધ્યક્ષસ્થાને અમદાવાદ ખાતે ખેતી બેંકની ૭૨મી વાર્ષિક સામાન્ય સભા દરમિયાન યોજાયેલા પ્રાકૃતિક કૃષિ પરિસંવાદમાં આ મુજબ જણાવ્યું હતું.

તેમણે કહ્યું કે રાજ્ય સરકારે દરેક જિલ્લાઓમાં પાંચ ગામોના ક્લસ્ટર બનાવીને પ્રાકૃતિક ખેતી માટે ખેડૂતોને તૈયાર કરવાની કામગીરી શરૂ કરી છે. સખીમંડળની બહેનોને પણ પ્રાકૃતિક ખેતીનું પ્રશિક્ષણ આપીને આ કાર્યમાં સામેલ કરવામાં આવી છે. એવી જ રીતે આત્માના કર્મચારીઓ અને પ્રાકૃતિક કૃષિ કરતા ખેડૂતો દ્વારા ખેડૂતોને પ્રાકૃતિક કૃષિની તાલીમ આપવામાં આવી રહી છે.

રાજ્યપાલે પ્રાકૃતિક ખેતી પદ્ધતિના અનેક ફાયદાઓ વિશે વાત કરતાં તેમણે જણાવ્યું હતું કે, પ્રાકૃતિક ખેતી અપનાવવાથી બે વર્ષમાં જમીનની ફળદ્રુપતા પાછી આવશે. જમીનની ભેજ સંરક્ષણ ક્ષમતા વધશે.

રાજ્યપાલે પ્રાકૃતિક ખેતીનું વિગતવાર પ્રશિક્ષણ પૂરું પાડીને સૌ ઉપસ્થિત ખેડૂતોને પ્રાકૃતિક ખેતી જ કરવાનો સંકલ્પ લેવા અનુરોધ કર્યો હતો અને પ્રાકૃતિક ખેતી કરી રહેલા ખેડૂતો સાથે સંવાદ કર્યો હતો.

ખેતી બેંકની વાર્ષિક સામાન્ય સભામાં ઉપસ્થિત વિધાનસભાના અધ્યક્ષ શંકરભાઈ ચૌધરીએ પ્રાસંગિક પ્રવચન કર્યું હતું.

તેમણે વાર્ષિક સામાન્ય સભા સાથે જ પ્રાકૃતિક કૃષિ પરિસંવાદના ખેતી બેંકના આયોજનને બિરદાવ્યું હતું.

...2..

તથા સિડબોલ અભિયાનનો ઉલ્લેખ કરીને પર્વતોને હરિયાળા બનાવવા અને જંગલો વધારવા માટે કેવી રીતે કાર્ય કરી શકાય તે સમજાવ્યું હતું.

આ સભામાં રાજ્યમાં પ્રાકૃતિક કૃષિ ક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન કરી રહેલા ૧૧ જેટલા ખેડૂતોનું રાજ્યપાલના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું તથા મૃતક ખેડૂતોના પરિજનોને ચેક વિતરણ કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે ખેતી બેંકની સ્માર્ટ ડિજિટલ બેન્કિંગ સેવાઓનો રાજ્યપાલે જ્યારે ખેતી બેંકની વીમા વેપાર સેવાનો વિધાનસભા અધ્યક્ષે પ્રારંભ કરાવ્યો હતો.

..........

## PAVAGADH-HARSH SANGHAVI

પાવાગઢ પોલીસ અને કાલિકા માતાજી મંદિર ટ્રસ્ટ દ્વારા જૈન તીર્થંકરોની પ્રતિમાઓ તેની મૂળ જગ્યાએ સ્થાપિત કરવાની ખાતરી આપવામાં આવી છે.

પંચમહાલ જિલ્લાના ઇન્ચાર્જ કલેક્ટર ડી.કે.બારિયા, જિલ્લા પોલીસ વડા, કાલીકા માતાજી મંદિર ટ્રસ્ટ અને જૈન સમાજના અગ્રણીઓની પાવાગઢમાં યોજાયેલી બેઠકમાં આ નિર્ણય લેવાયો છે.

દરમિયાન ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું છે કે આ મુદ્દે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે ચર્ચા કર્યા બાદ સ્થાનિક તંત્રને તત્કાળ ધોરણે પ્રતિમાઓને યથાસ્થાને પ્રસ્થાપિત કરવાના આદેશ અપાયા છે.

ઉલ્લેખનીય છે કે પંચમહાલ જિલ્લાના તીર્થધામ પાવાગઢ ખાતે જૈન તીર્થંકરોની પ્રતિમા હટાવ્યા બાદ જૈન સમાજના અગ્રણીઓએ તમામ પ્રતિમાઓ પુનઃ સ્થાપિત કરવાની માંગણી કરતા આવેદનપત્રો આપ્યા હતા.

------------

## GUJARAT - EID

રાજ્ય સહિત દેશભરમાં આજે ઇદ-ઉલ-અદહા બકરી ઇદ મનાવવામાં આવી રહી છે.

અમદાવાદની જામા મસ્જીદ ખાતે આજે મુસ્લિમ બિરાદરો દ્વારા ખાસ નમાઝ અદા કરવામાં આવી હતી. ત્યાગ અને બલિદાનના પ્રતિક સમા આ તહેવારની રોનક અમદાવાદની જામા મસ્જીદમાં ખાસ જોવા મળી હતી...

દીવથી અમારા પ્રતિનિધિ ભારતી રાવલ જણાવે છે કે જીલ્લાના ઘોઘલા, વણાકબારા સહિતના સ્થળોએ આજે બકરી ઇદ નિમિત્તે સવારે મસ્જિદથી ઝુલુસ કાઢવામાં આવ્યું, આ પ્રસંગે દીવ જીલ્લાના મુસ્લિમ બિરાદરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

ભરૂચથી અમારા પ્રતિનિધિ વાહિદ મશદી જણાવે છે કે, ભરૂચ શહેર તથા જિલ્લામાં બકરી ઇદ મનાવવામાં આવી હતી. મુસ્લિમ બીરાદરોએ નમાઝ અદા કરી અલ્લાહની બંદગી કરી હતી..ભરૂચ વેજલપુર નજીક આવેલ ઇદગાહ ખાતે મુસ્લિમ બિરાદરોએ સવારના સમયે નમાઝ અદા કરી એકમેકને ઇદના પર્વની શુભકામના પાઠવી હતી.

વલસાડથી અમારા પ્રતિનિધિ નવીન પટેલ જણાવે છે કે, શહેરનાં શહીદ ચોક ખાતે આવેલા ઈદગાહમાં મુસ્લિમ બિરાદરોએ ઈદની નમાઝ અદાકરી એકબીજાને શુભેચ્છા પાઠવી હતી.

----------------

## $6^{TH}$ NATIONAL MASTERS GAMES –VALSAAD

છઠ્ઠી નેશનલ માસ્ટર્સ રમતોમાં વલસાડના શિક્ષક અશોકકુમાર કાનજીભાઈ ટંડેલે બે સુવર્ણ સહિત ચાર  ચંદ્રક મેળવ્યા હતા.

માસ્ટર્સ ગેઇમ્સ એસોશિયેશન ગુજરાત દ્વારા આણંદમાં છઠ્ઠી નેશનલ માસ્ટર્સ રમતોનું આયોજન થયું હતું. એથ્લેટિક્સ, વોલીબોલ, સ્વિમિંગ, ટેબલ ટેનિસ, બાસ્કેટબોલ, બેડમિન્ટન સહિતની રમતોમાં દેશના વિવિધ રાજ્યોમાંથી આશરે 500 જેટલા ખેલાડીઓએ ભાગ લીધો હતો. જેમાં વલસાડની શાળાના શિક્ષક અશોક કુમાર ટંડેલે ગુજરાત રાજ્યના ખેલાડી તરીકે પ્રતિનિધિત્વ કર્યું હતું. આ 6th નેશનલ માસ્ટર્સ ગેઇમ્સમાં તેમણે 45+ એઇજ ગ્રૂપમાં ચાર મેડલ જીતી લીધા હતા.

-----

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી youtube ચેનલ એઆઈઆર

ન્યુઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટ્વિટર હેન્ડલ AIR ન્યુઝ અન્ડર સ્કોર એ બી એ ડી ને ફોલો કરી શકશો..

....................................

## GUJARAT RAIN

હવામાન વિભાગે આગામી પાંચ દિવસ સુધી રાજ્યના ઘણા વિસ્તારોમાં ખાસ કરીને સૌરાષ્ટ્ર, દક્ષિણ અને મધ્ય ગુજરાતના વિસ્તારોમાં હળવોથી મધ્યમ વરસાદ થવાની સંભાવના દર્શાવી છે. યાદીમાં જણાવ્યું છે કે 20 થી 22 મી જૂન દરમિયાન રાજ્યમાં કેટલાક સ્થળોએ જમીન પર પવનની ગતિ 40 થી 50 કિલોમીટર પ્રતિકલાક સુધી રહેવાની સંભાવના છે.

દરમિયાન રાજ્યમાં છેલ્લા 36 કલાક દરમિયાન સૌરાષ્ટ્રમાં કેટલાક સ્થળોએ હળવોથી ભારે વરસાદ નોંધાયો છે. સૌથી વધુ 230 મિલિમીટર વરસાદ દેવભૂમિ દ્વારકાના ખંભાળિયામાં નોંધાયો છે. આ ઉપરાંત પોરબંદર તાલુકામાં 70 મીલીમીટર, ભાણવડ અને ઓખામાં 50, રાણાવાવમાં 40 તથા નખત્રાણા, ગારીયાધર સહિત પાંચ તાલુકાઓમાં 30 મીલીમીટર કે તેથી ઓછો વરસાદ નોંધાયો છે.

દરમિયાન અમારા નર્મદાના પ્રતિનિધિ દિપક જગતાપ જણાવે છે કે અસહ્ય ગરમી અને ઉકળાટ બાદ આજે રાજપીપલા અને આજુબાજુના વિસ્તારમાં વરસાદ પડ્યો હતો. સારા વરસાદથી ગરમી અને ઉકળાટથી લોકોને આંશિક રાહત થઈ હતી, અને ખેતીના પાકને જીવતદાન મળ્યું છે.

છોટાઉદેપુર જિલ્લાના પ્રતિનિધિ રાજેશ રાઠવા જણાવે છે કે ક્વાંટ તાલુકામાં આજે ખેતીલાયક વરસાદ થતાં ખેડૂતોમાં આનંદની લાગણી ફેલાઇ છે.

................................

## AMRELI LION RAILWAY TRACK

અમરેલી જિલ્લાના પીપાવાવ નજીક આજે વહેલી સવારે રેલવે ટ્રેક પર આવી ચઢેલા 10 સિંહોને માલગાડીના પાયલોટની સમય સૂચકતાથી બચાવી લેવાયાં હતાં. પાયલોટે ઇમરજન્સી બ્રેક મારી ટ્રેન રોકી લીધી હતી અને ત્યારબાદ ટોર્ચની મદદથી સિંહોને ટ્રેકથી દૂર ખસેડી દીધાં હતાં.

અમરેલીથી અમારા પ્રતિનિધિ હરેશ ટાંક જણાવે છે કે તાજેતરમાં જ ગાંધીનગર વનવિભાગની ટીમે રેલવે ટ્રેકની મુલાકાત લીધી હતી. અમરેલી જંગલ વિસ્તારમાંથી પસાર થતાં રેલવે ટ્રેક પર સિંહોની સલામતી માટે શેત્રુંજી ડિવિઝનના ડી.સી.એફ. જયન પટેલે જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.

(બાઇટ- જયન પટેલ, ડી.સી.એફ., શેત્રુંજી ડિવિઝન)

*(ગત રાત્રિના રાજુલા પીપાવાવ રેલવે ટ્રેક પર આઠ જુદી જુદી ઘટનાઓમાં વન્ય પ્રાણી સિંહ રેલ્વે ટ્રેક પર દાખલ થયેલ હતા. વન વિભાગ દ્વારા રોકવામાં આવેલ રેલવે સેવકોની સાવચેતીના કારણે આ તમામ વન્ય પ્રાણીઓને સુરક્ષિત રીતે રેલ્વે ટ્રેક પરથી ખસેડવામાં વન વિભાગને સફળતા મળેલી છે. મે મહિનામાં આ રેલવે ટ્રેક પર 114 વન્ય પ્રાણીઓને બચાવવામાં વન વિભાગને સફળતા મળેલી છે અને કુલ 62 બનાવો બનેલા છે. તો રાજુલા પીપાવાવ રેલવે ટ્રેક પર વન વિભાગ સાવચેત છે અને આ રેલવે ટ્રેક પર વસતા તમામ*

*ખેડૂતોને હું વિનંતી કરવા માગું છું કે જ્યારે પણ રેલ્વે ટ્રેકની આસપાસ છે તેમના ગામમાં વન્ય પ્રાણી સિંહ ની હાજરી નોંધાય તો વન વિભાગના સ્ટાફનો સંપર્ક કરો.)*

----------------------------

# NEWS IN BRIEF

**હવે સાંભળીએ રાજ્યના કેટલાક અન્ય સમાચાર સંક્ષિપ્તમાં....**

- આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીના અરવલ્લી જિલ્લા ના પોલીસ વિભાગ માટે યોગશિબિર યોજાઇ. પોલીસ અધિકારીઓ સહિત પોલીસ કર્મીઓને યોગનું પ્રશિક્ષણ અપાયું.
- અરવલ્લી સહિત રાજ્યના નવ જિલ્લામાં મોબાઈલ ટાવરની બેટરી ચોરી કરનાર ગેંગના બે ઈસમને પોલિસે ઝડપ્યાં. કુલ 31 બેટરી ચોરી કર્યાની બંને ઇસમોએ  કબૂલાત કરી હતી.
- આઈ. સી. ડી. એસ યોજના અંતર્ગત દિવમાં આંગણવાડી-કમ-ક્રેચ પોષણ કેન્દ્રો શરૂ કરાયા... ટીમ મિશન શક્તિ અને ટીમ મિશન પોષણ ના સંકલન હેઠળ આજે  તમામ લાભાર્થી બાળકોનું તિલક કરી સ્વાગત કરીને તેમને આવકારવામાં આવ્યા
- ભાણવડ તાલુકાના મેવાસા ગામે શહીદ વીર રમેશ જોગલ પ્રાથમિક શાળાના અદ્યતન મકાન અને કોમ્પ્યુટર લેબનું કેબિનેટ મંત્રી મુળુ બેરાએ લોકાર્પણ કર્યું હતું.. ૧.૭૫ કરોડ રૂપિયાના ખર્ચે બનેલા બિલ્ડિંગમાં ૧૨ રૂમ તથા અદ્યતન કોમ્પ્યુટર લેબ થકી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુકત શિક્ષણ મળશે..

- **વડોદરા ખાતે ચોથી ઓપન સાઉથ-સેન્ટ્રલ ગુજરાત શુટીંગ કોમ્પીટીશન-2024 યોજાઇ.**
- વડોદરા આર.એમ.એસ. પોલીટેકનીક કોલેજ ખાતે **ટેકનિકલ લાયકાત ધરાવતા ઉમેદવારો માટે** આગામી ૨૦ જૂનના રોજ **રોજગાર ભરતી મેળો અને અનુબંધમ નામ નોંધણી કેમ્પ યોજાશે.**

----------